

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*દેશ ડૂબે, દેવામાં કૈંક તરણાંનું તો વિચારો !*
*લાગી છે આગ, હવે કૂવા ખોદવાનું તો વિચારો !*
*તૂટયો ડેમ કાયકીનો, નિષ્ઠા-મૂલ્યોનું તો વિચારો !*
*કાયદા-કોર્ટ, ને છે ભગવાન એટલું તો વિચારો !*

### હાઈકુ

*સત્તા નશામાં,*
*ભૂલ્યા છે ભાન, અને*
*થયા છે અંધ !*

*વ્યર્થ છે શ્રમ !*
*સત્ય દબાવવાનો -*
*ફાટ્યું છે આભ !*

### ચિંતન

***માયા માયાકાર્યં સર્વં મહદાદિદેહપર્યન્તમ્ ।***
***અસદિદમાનાત્મકં ત્વં વિદ્ધિ મરુમરીચિકાકલ્પમ્ ॥***

**ઉપરોક્ત શ્લોક વિવેકચૂડામણિ ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.**

**માયા અને બુદ્ધિથી લઈ દેહ સુધીનું આ સર્વ માયાથી પેદા થયેલું જગત અસત્ અને અનાત્મરૂપ છે, તેને તું મૃગજળસમાન જાણ.**

**ઈચ્છાઓ-અપેક્ષાઓ-વાસનાનું રૂપ લઈ લે છે હું - મારું નો મોહ માત્ર પોતાનો સ્વાર્થ અને શરીર સુખ પૂરતો મર્યાદિત થઈ જાય છે. જ્યાં સુધી દેહ અને આત્માનો ભેદ નહીં સમજાય ત્યાં સુધી ઈચ્છાઓ તમારા આત્માને સંબંધમાં રાખશે અને ઉંધા ખોટા રસ્તે દોરી જશે. મૃગજળ પાછળ દોડવામાં થાક સિવાય કંઈ જ નહીં મળે.**

### સુવિચાર

- ખરાબ કાર્યોના જ નહીં પણ ખરાબ વિચારોનાય ફળ ભોગવવા પડે છે - **સ્વામી રામદાસ**
- એકાગ્રતા એવું કૌશલ્ય છે, જે તમારા કૌશલ્યના પ્રયોગ માટેની ભૂમિકા રહે છે - **થોમસ આલ્વા એડિસન**
- એકાગ્રતાની જમીનમાં મહેનતનું બીજ રોપવામાં આવે તો એ બીજ વૃક્ષ બનવાની શક્યતા ધરાવે છે - **એ.પી.જે. કલામ**
- ભાષણ ચાંદી છે, મૌન સોનું છે, ભાષણ માનવીય છે, મૌન દૈવિક છે - **રજનીશ**
- સ્વજન હોય તે પ્રેમ કરે, ન્યાય ન તોળે - **ડેવિડ વિસ્કોટ**
- પ્રામાણિક માણસ કદી ગરીબ હોતો નથી, એ માણસ જાતનો સમ્રાટ છે - **સ્ટીફન કોવી**
- આજનું ઔષધ : મૂળાનાં પાંચ બીજનું ચૂર્ણ બનાવી તે મધ સાથે ચાટવાથી બહેનોને માસિકની અનિયમિતતામાં રાહત થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક બ્રાહ્મણને યજમાન તરફથી તંદુરસ્ત અને સરસ મજાની ભેંસ મળી. ભેંસ લઈને જતા હતા ત્યાં સામેથી એક ખેડૂત મળ્યો. તેણે બ્રાહ્મણને કહ્યું, 'આ ભેંસ મને આપી દો.' બ્રાહ્મણે પૂછ્યું, 'મારા યજમાને મને ખુશ થઈ ભેંસ ભેટમાં આપી છે. કઈ ખુશીમાં હું તને એમ ભેંસ આપી દઉં ?' ખેડૂત ગુસ્સે થયો અને બોલ્યો, 'હું કંઈ ના જાણું. ભેંસ મૂકો અને ચૂપચાપ અહીંથી ચાલતી પકડો.' ખેડૂતે ડાંગ બતાવી એટલે બ્રાહ્મણે વિચાર્યું કે આ માણસ બળમાં તો મારી સામે જીતી જશે એટલે એને કળથી જ હરાવવો પડશે. પણ બ્રાહ્મણ પાસે તો ડાંગ જેવું કંઈ હતું નહીં એટલે બ્રાહ્મણે કહ્યું, 'તું ભેંસ ભલે લઈ લે પણ બ્રાહ્મણ પાસેથી એમને એમ મફતનું તું પડાવી લે તો પાપ લાગશે. એના કરતાં ભેંસના બદલામાં તું મને કંઈક આપી દે તો પાપમાંથી તું બચી શકીશ.' ખેડૂતે કહ્યું, 'પણ મારી પાસે તમને આપવા માટે છે શું ?' બ્રાહ્મણે કહ્યું, 'ભલે તારી પાસે કંઈ ન હોય પણ આ સરસ ડાંગ છે ને...!! તે મને આપીને ભેંસ તું લઈ લે !!' ખેડૂત ખુશ થઈ ગયો. એણે બ્રાહ્મણને ડાંગ આપી અને ભેંસ લઈ ચાલતી પકડી. હવે બ્રાહ્મણે જોમ અને જુસ્સાથી બૂમ પાડી કહ્યું. 'ભેંસ ને મૂક અને ચલ હટ નહિ તર તારી ખોપરીમાં આ ડાંગ મારીશ??' ખેડૂતે પૂછ્યું 'કેમ?' બ્રાહ્મણે કહ્યું, 'કેમ?' નો મતલબ મને ખબર નથી, પણ મને તો એટલી જ ખબર છે કે જેની લાઠી એની ભેંસ.'

# કાશ્મીરમાં લોકશાહી પ્રથાની મજાક

**તંત્રીસ્થાનેથી...**

છેલ્લા કેટલાક મહિનાથી જમ્મુ અને કાશ્મીરમાં રાજયપાલનું શસાન ચાલી રહ્યું હતું અને બંધારણ મુજબ એની સમય મર્યાદા પૂરી થવા આવી હતી. ગત વિધાનસભાની ચૂંટણીમાં મહેબૂબા મુફતીના નેતૃત્વ વાળી પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટીને સૌથી વધુ બેઠકો મળી હતી અને ભારતીય જનતા પાર્ટી બીજા નંબરે રહી હતી. નેશનલ કોન્ફરંસ અને કોંગ્રેસ અનુક્રમે ત્રીજા અને ચોથા ક્રમે રહ્યાં હતા. અગાઉ ઓમર અબ્દુલ્લા મુખ્યમંત્રી હતા એમની વિરુદ્ધ ખીણ પ્રદેશમાં મહેબૂબાની પીડીપીને વધુ બેઠકો મળી હતી જયારે જમ્મુ અને લેહ લડાખમાં ભારતીય જનતા પાર્ટીએ સારો દેખાવ કર્યો હતો આમ બેઉ પાર્ટીઓ સત્તાધારી નેશનલ કોન્ફરંસ સામે પ્રજાકીય મેન્ડેટ મેળવીને પહેલા-બીજા નંબરે રહી હતી, વળી ભારતીય જનતા પાર્ટી સામે પીડીપીએ સગવડિયું જોડાણ પણ કર્યું હોઈ એમની સંયુક્ત સરકાર બની તે મહદંશે વાજબી હતું. અલબત્ત, સૈદ્ધાંતિક દષ્ટિએ પીડીપી અને ભાજપ વચ્ચે ૩૭૦મી કલમ સહિત અનેક મુદ્દે મતભેદો હતા, પણ પ્રજાકીય સરકાર બનાવવા બેઉએ જોડાણ કર્યું અને સરકાર થોડો વખત ચાલી પણ ખરી. જો કે આ મિયાં-મહાદેવની જોડી લાંબો વખત ટકી શકે એમ નહોતી એની તો બધાને ખબર હતી. આખરે પાકિસ્તાન પ્રેરિત આતંકવાદીઓ તરફના મહેબૂબાના કૂણા વલણના મુદ્દે ભંડાણ પડ્યું અને ભારતીય જનતા પાર્ટીએ સરકારમાંથી ખસી જવાનું નક્કી કરી આબરૂ બચાવવાનો પ્રયાસ કર્યો જેથી રાષ્ટ્રપતિ શાસનની નોબત આવી. મહેબૂબા અને અબ્દુલ્લા પરિવાર ખીણ પ્રદેશમાં પ્રભાવક અસર ધરાવે છે. પરંતુ બેઉ સામસામે લડતાં રહેતા હોઈ સાથે આવી એવી શક્યતા નહીંવત જ હતી. બદલાયેલા સંજોગોમાં કોંગ્રેસની પહેલથી મહાગઠબંધનની શક્યતા ઊભી થઈ હતી અને ફરી એકવાર મહેબૂબા મુફતીના નેતૃત્વમાં લોકપ્રિય સરકાર બની શકે એમ હતી. આ અંગે રાજયપાલને જાણ કરવાની કોશિશ પણ થઈ પણ રાજભવનનું કોમ્પ્યુટર બંધ હોઈ એ શક્ય ન બન્યું. બીજી તરફ કાશ્મીરના એક વિદ્રોહી નેતા સજ્જાદ લોને પીડીપીના અઢાર અસંતુષ્ટો અને ભાજપના સહયોગથી સરકાર બનાવવાનો દાવો ઠોકી દીધો. પરિસ્થિતિ વણસે કે સુધરે એની રાહ જોતા વિના જ રાજયપાલે તાબડતોબ વિધાનસભાના વિસર્જનનો નિર્ણય લઈ લીધો તે આપણી લોકશાહીની નામોશી જ ગણાશે. કેન્દ્ર કોઈ પણ સંજોગોમાં જમ્મુ અને કાશ્મીરમાં ભાજપ વિરોધી પરિબળોના મહાગઠબંધનની સરકાર બનાવા દેવા નહોતું માગતું, એની રાજયપાલને મળેલા વિશેષાધિકારો દ્વારા બંધારણીય ઢબે વિધાનસભાનું વિસર્જન કરી દેવાનું ઉતાવળિયું પગલું ભરી બાંધી મૂઠીનો ભ્રમ જાળવવાનો પ્રયાસ થયો છે. જો કે એથી ભારતીય જનતા પાર્ટીને એક રાજય વિપક્ષોના હાથમાં સરી જતું અટકાવ્યાનો હરખ ભલે થયો હોય પણ આગામી લોકસભાની ચૂંટણીમાં આ મુદ્દો વિપક્ષની તરફેણમાં રહેશે. દુબઈ ખાતે પાકિસ્તાનના ઈશારે આ વિપક્ષોએ ભેગા થવાનો નિર્ણય કર્યો હતો એવા વાહિયાત આક્ષેપો કોણ માનશે ? લોકપ્રિય સરકાર બનતી હોય તો બનવા દેવી જોઈએ, એને બદલે અહીં એને બનતી અટકાવવા બંધારણની કલમ અને રાજયપાલની સત્તાનો છડેચોક દુરુપયોગ થયો છે, તે પણ જમ્મુ અને કાશ્મીર જેવા સંવેદનશીલ રાજયમાં.

# બાળકનું સ્વમાન જળવાવું જોઈએ





## રંગ-ઉમંગ

કાનન ઓઝા

બાળકોને પણ આબરૂ હોય છે. ફજેતીતી તેઓ કરમાઈ જાય છે. મોટેરાં કરતાં બાળકોમાં સ્વમાનની લાગણી તીવ્ર હોય છે.

સંવેદનશીલતા મનુષ્ય માત્રાનો લઘુત્તમ અયવય છે. બાળક જન્મે છે. ત્યારે આ પ્રતિહત સંવેદનતંત્ર લઈને જન્મે છે. આ સંવેદનશીલતાનું સંરક્ષણ-સંવર્ધન બહુ મુશ્કેલ હોય કારણ મોટા ભાગનાંનું સંવેદનતંત્ર ઓછું-વત્તુ બરડ થતું જાય છે. પણ અકબંધ સંવેદનતંત્રનો કારણે બાલક 'લાઈવ વાયર' જેવું હોય છે. મોટેરાંઓ કરતાં એનામાં સ્વમાનની લાગણી અત્યંત તીવ્ર હોય છે. પોતાની લાગણી અવ્યક્ત રાખવાનું એ શીખ્યું હોતું નથી. એવી એને જરૂરી લાગતી નથી. આ પ્રતિક્રિયા તરફ ઉપેક્ષા સેવવામાં આવે તો બાળખના સંવેદનતંત્રનો ઈજા પહોંચ્યાં વગર રહેતી નથી.

મોટેરાઓનો પહેલો ધર્મ બાળકના સ્વમાનની રક્ષા કરવાનો છે. બાળપણમાં જેનાં સ્વમાનની રક્ષા થઈ હોય તેવા બાળકનું વ્યક્તિત્વ અનોખું હોય છે. આવું નશીબ નથી હોતું તેવું બાળક મોટું થઈને અનેક સમસ્યા પોતાને માટે ને સમાજ માટે સર્જે છે.

બાળકના સ્વમાન પર બે રીતે ઘા થાય છે : એનું અપમાન થયાં કરે તે રીતે ને એની ફજેતી થાય તે રીતે. અપમાનની બાળકના સ્વમાન પણ ઘા થાય છે. વાત સ્પષ્ટ રીતે સમજાય છે. પણ ફજેતીથી બાળક સ્વમાન ઘવાય છે. તે વાત જલ્દી સમજાતી નથી.

દરેકદરેક બાલકને દરેક દરેક બાબત નવેસરથી ઓળખવાની હોય છે. શીખવાની હોય છે. એટલે બોલવામાં, વસ્તુ-વ્યક્તિને ઓળખવામાં કંઈ ને કંઈ શીખવામાં એની ભૂલો થાય તે સ્વાભાવિક છે. બાળક આવી ભૂલો કરે ત્યારે એની સાથે અત્યંત સમભઆવને મૃદુતાથી વર્તવું જોઈએ. ફરી પ્રયત્ન કરશે ત્યારે એનાથી ભૂલ નહિ થાય એવો આત્મવિશ્વાસ એને બંધાવવો જોઈએ. એને બદલે જો એની ઠઠ્ઠા મશ્કરી કરવામાં આવે તો બાળક ભોઠું પડી જાય છે. આ ભોંઠાપણું લઘુતાગ્રંથિના રોગમાં જતુંની કામગીરી બજાવે છે. નાના નાના પ્રસંગો બાળકના આત્મવિશ્વાસને લૂણો લગાડતા રહે છે. બાળક કરમાવા માંડે છે. બાળકને શું થયું તેની ઘણી વાર સમજ પણ પડતી નથી. બાળકને ખસિયાણું પાકી દેવું એ બાળક તરફનો ઘણો મોટો અપરાધ છે. એ વાત મોટેરાંઓ એ પોતાનાં મનમાં અંકે કરી લેવી જોઈએ.

# કોણ 'પંજાબ કેસરી' તરીકે ઓળખાતું હતું ?



## ખજાનો

અનિલ પટેલ

### સ્વતંત્રતા સંગ્રામનો ઈતિહાસ

૧ 'ગુજરાતની ગદર' ના તંત્રી તરીકે કોણએ કામગીરી બજાવી હતી ?
(અ) છગન ખેરોજ (બ) શાંતિલાલ શાહ
(ક) વિનોબા ભાવે (ડ) અરવિંદ ઘોષ

૨ મોન્ટેગ્યુ ચેમ્સફર્ડ સુધારા કયારે કરવામાં આવ્યા ?
(અ) ૧૯૦૮ (બ) ૧૯૧૯
(ક) ૧૯૨૫ (ડ) ૧૯૩૫

૩ કોણ 'પંજાબ કેસરી' તરીકે ઓળખાતું હતું ?
(અ) સુખદેવસિંહ (બ) ભગતસિંહ
(ક) લાલા લજપતરાય (ડ) બાળગંગાધર તિલક

૪ કયા વર્ષે ભારતને પ્રાંતીય સ્વાધીનતા આપવામાં આવી ?
(અ) ૧૯૩૫ (બ) ૧૯૩૭
(ક) ૧૯૪૨ (ડ) ૧૯૪૫

૫ ૧૯૫૭ના સંગ્રામ વખતે બ્રિટનના શાસક કોણ હતા ?
(અ) ચર્ચીલ (બ) લેનિન
(ક) રાણી વિકટોરીયા (ડ) રાણી એલિઝાબેથ

૬ ભારતમાં બ્રિટીશ તાજનું શાસન કયારે સ્થપાયું ?
(અ) ૧૮૫૭ (બ) ૧૮૫૮
(ક) ૧૯૫૯ (ડ) ૧૮૬૦

૭ પ્રથમ મૈસુર યુદ્ધમાં હૈદર અલી અને કોની વચ્ચે લડાઈ થઈ હતી ?
(અ) મરાઠા રાજાઓ (બ) મુસ્લીમ શાસકો
(ક) અંગ્રેજો (ડ) રાજપૂત રાજાઓ

૮ અંગ્રેજ સરકારે બંગાળના ભાગલા કયારે રદ કર્યા ?
(અ) ઈ.સ. ૧૯૦૭ (બ) ઈ.સ. ૧૯૦૯
(ક) ઈ.સ. ૧૯૧૧ (ડ) ઈ.સ. ૧૯૧૭

૯ કયા અંગ્રેજ અધિકારીએ સહાયકારી યોજના અપનાવી હતી ?
(અ) લોર્ડ વેલેસ્લી (બ) લોર્ડ રીપન
(ક) લોર્ડ કર્ઝન (ડ) લોર્ડ ઈરવીન

૧૦ મંગલ પાંડેને ફાંસી કયારે અપાઈ હતી ?
(અ) ૮ ઓગસ્ટ ૧૮૫૭ (બ) ૮ એપ્રિલ ૧૮૫૭
(ક) ૮ ઓગસ્ટ ૧૯૫૮ (ડ) ૮ એપ્રિલ ૧૮૫૮

૧૧ કયા સ્વાતંત્ર્ય સેનાનીએ સ્વદેશી અને સ્વરાજ પુસ્તક લખ્યાં હતા ?
(અ) રવીન્દ્રનાથ ટાગોર (બ) સુભાષચંદ્ર બોઝ
(ક) લોકમાન્ય તિલક (ડ) વીર સાવરકર

૧૨ ૧૮૫૭ની ક્રાંતિ વખતે ભારતનો ગવર્નર જનરલ કોણ હતો ?
(અ) લોર્ડ રીપન (બ) લોર્ડ કેનિંગ
(ક) લોર્ડ વેલેસ્લી (ડ) લોર્ડ કર્ઝન

૧૩ મુંબઈમાં 'વિધવા લગ્ન મંડપ'ની સ્થાપના કોણે કરી હતી ?
(અ) ન્યાયમૂર્તિ રાનડેએ (બ) અરવિંદ ઘોષે
(ક) લોકમાન્ય તિલકે (ડ) ભુલાભાઈ દેસાઈએ

૧૪ ૧૮૫૭ના સંગ્રામમાં અલ્હાબાદનું નેતૃત્વ કોણે કર્યું હતું ?
(અ) શોક્ત અલી (બ) ભાઈ રામસિંહ
(ક) લિયાકત અલી (ડ) અલી મુલિયાર

૧૫ વાંડીવાંશના મુદ્દામાં અંગ્રેજોએ કોને હરાવ્યા હતા ?
(અ) પોર્ટુગીઝોને (બ) હૂણોને
(ક) ફ્રેન્ચોને (ડ) મુગલોને

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતી મહત્ત્વની ઘટનાઓ**

- **૨૩ નવેમ્બર : સાંસ્કૃતિક એકતા દિવસ**
  - વનસ્પતિમાં ચેતના છે તેવું સાબિત કરનાર વૈજ્ઞાનિક સુભાષચંદ્ર બોઝનો જન્મદિવસ (૧૮૫૮)
  - પોતાને સાંઈબાબાનો અવતાર ગણાવનાર સત્યસાઈ બાબાનો જન્મદિવસ (૧૯૨૬)
  - જાણીતા કાર્ટૂનિસ્ટ બંસીલાલ વર્મા (ચકોર) નો જન્મદિવસ (૧૯૧૭)
- **૨૪ નવેમ્બર : એન.સી.સી. સ્થાપના દિવસ**
  - જાણીતા સવોદય કાર્યકર અને ગાંધીવાદી નારાયણ દેસાઈનો જન્મદિવસ (૧૯૨૪)
  - એપોલે-૧૨ પૃથ્વી પર પાછું ફર્યું. (૧૯૬૯)
  - કોમેડી અભિનેતા અમોલ પાલેકરનો જન્મ (૧૯૪૪)
- **૨૫ નવેમ્બર :**
  - દુલાભાયા 'કાગ'નો જન્મ દિવસ (૧૯૦૨)
  - જાણીતા શૅર, શાયર સાહિત્યકાર બરકત વિરાણી 'બેફામ' નો જન્મદિવસ (૧૯૨૩)
  - પોલાદ ઉદ્યોગના જનક સ્કોટલેન્ડના એન્ડ્રૂઝ કાર્નેજનો જન્મદિવસ (૧૮૩૫)
- **૨૬ નવેમ્બર : રાષ્ટ્રીય કાયદા દિવસ / બંધારણ દિવસ / નેશનલ મિલ્ક ડે**
  - શીખ ધર્મના પ્રવર્તક ગુરુ નાનક દેવનો જન્મ દિવસ (૧૪૬૯)
  - આઝાદ ભારતની પ્રથમ પાર્લામેન્ટના પ્રથમ સ્પીકર ગણેશ વાસુદેવ માવળંકરનો જન્મદિવસ (૧૮૮૮)
  - હાસ્ય નિબંધકાર, કટાર લેખક બકુલ ત્રિપાઠીનો જન્મદિવસ (૧૯૨૮)
- **૨૭ નવેમ્બર :**
  - મહારાષ્ટ્રના સમાજ સુધારક જયોતિરાવ ફુલેનો જન્મદિવસ (૧૮૨૭)
  - આલ્ફ્રેડ નોબલના નામ પર નોબેલ પુરસ્કારની શરુાત (૧૮૯૫)
  - અમેરિકન ડિસ્કવરી અંતરીક્ષયાન -૧ ધરતી પર પરત આવ્યું (૧૯૮૯)
- **૨૮ નવેમ્બર**
  - આધ્યાત્મિક સંત કાનજી સ્વામીનું નિધન (૧૯૮૦)
  - કવિ કરશનદાસ માણેક 'વૈશંમપાયન'ની જન્મજયંતિ (૧૯૦૧)
  - પૂર્વ વડાપ્રધાન આઈ.કે. ગુજરાલે રાજીનામું આપ્યું (૧૯૯૭)
- **૨૯ નવેમ્બર :**
  - સેવાના સાગર ઠક્કરબાપાનો જન્મદિવસ (૧૮૬૯)
  - વિસ્ટન ચર્ચિલ બ્રિટનના બીજીવાર વડાપ્રધાન બન્યા (૧૯૫૧)
  - યુગો સ્લાવિયા દેશનો સ્વાતંત્ર્ય દિન (૧૯૫૪)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**રામજન્મભૂમિના દર્શન અને આરતી માટે કયારે તાળાં ખૂલ્યાં હતા ?**

**જવાબ : ૧ ફેબ્રુારી ૧૯૮૬**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી
(૨) મહેશ જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ
(૩) નટુભાઈ દરજી : પેથાપુર
(૪) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪
(૫) મૂળજીભાઈ પરમાર : સે-૭બી
(૬) જયેન્દ્ર પ્રસાદ પાઠક : ઈન્ફો.જુ.સા. કૉલેજ
(૭) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**રાજસ્થાન ચૂંટણીમાં વસુંધરા રાજે સામે કયા દિગ્ગજ નેતા ચૂંટણી લડી રહ્યા છે.**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# લગ્નમંગલની એક પવિત્ર કથા





## અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

મહારાજ ધર્મધ્વજ અને મહારાણી માધવીને એક રાજકન્યા હતી. વૃંદા એનું નામ હતું. માત્ર સૌંદર્યમાં જ નહિ, સદ્ગુણોમાં પણ એ અપ્રતિમ હતી, અનુપમ હતી એથી લોકો એને તુલસી કહેતા. તુલના શમી જાય. બીજા કોઈ સાથે એને સરખાવવાનો પ્રયત્ન કર્યો હોય, તો તે શમીન જાય. દેવર્ષિ નારદ પણ એને પ્રણામ કરે. એ 'નારદનુતા' હતી.

આ વૃંદાને પતિ તરીકે વિષ્ણુને વરવાનો સંકલ્પ જાગ્યો. એ બદરિવનમાં ગઈ. અને તપશ્ચર્યા શરૂ કરી. તપશ્ચર્યા ઉગ્ર બની એટલે વિષ્ણુ પ્રગટ થયા. હવે એ 'હરિપ્રિયા' થઈ ગઈ. ભગવાન વિષ્ણુએ પ્રસન્ન થઈને કહ્યું, 'તું મને પ્રિય છો, વર દાન માગી લે.' વૃંદાએ વરદાનામાં પાતાનો સંકલ્પ જણાવ્યો, ત્યારે વિષ્ણુએ કહ્યું, 'આ જન્મમાં તારે માટે શિવભક્ત અસુર રાજકુમાર જાલંધર નિશ્ચિત થઈ ચૂક્યો છે; પરંતુ આવતે જન્મે ચોક્કસ આપણો વિવાદ થશે.'

વૃંદા આ સાંભળીને અકળાઈ બેઠી અને શાપ આપી બેઠી. 'તમારું પથ્થરમાં રૂપાંતર થઈ જશે.' વિષ્ણુએ પ્રતિશાફ આપ્યો. 'તારો શાપ હું માથે ચડાવું છું. પરંતુ તું પણ વનમાં વનસ્પતિ થઈ જઈશ. તેમ છતાં આપણે જરૂર પરણશું. એ સમયે તું પણ લક્ષ્મીની જેમ મારી પ્રીતિપાત્ર બની રહીશ.'

વૃંદાના લગ્ન જાલંધર સામે થયા. પરંતુ એનો ઉપદ્રવ અને ત્રાસ એટલા બધા વધી ગયા, કે વિષ્ણુએ લોકના કલ્યાણ માટે એનો કપટથી વધ કરવો પડ્યો.

જેવી રીતે શિવની મૂર્તિ શિવલિંગ છે, તેની જેમ વિષ્ણુની શાલિગ્રામ થઈ. આ માટે એમણે ગંડકી નદી પસંદ કરી. આ નદીનો પ્રાદુર્ભાવ વૃંદાને કારણે થયો હતો. અહીં તે શાલિગ્રામના સ્વરુપમાં પથરાઈ ગયા.

એ વખતે સમુદ્રમંથન થયું. એમાંથી અમૃતનો કુંભ નીકળ્યો. આ કુંભમાંથી પૃથ્વી પર જયાં છાંટા પડ્યા, એ જગ્યા એ તુલસી થઈ. ગોકુળ પાસે સૌથી વધુ પડ્યા. એ તુલસીવન વૃંદાવન તરીકે પ્રસિદ્ધ થયું.

શેરડીના સાંઠાનો મંડળ બન્યો. સિંહાસન ઉપર શાલિગ્રામ બિરાજ્યા અને સામે તુલસી. કારતક સુદ અગિયારસે વિવાહવિધિનો પ્રારંભ થયો અને ત્રણ દિવસ પછી પૂનમને દિવસે આ વિધિનું સમાપન થયું.

કુમાર કાર્તિકેયને તારકાસુરનો વધ કરવાનો હતો. એન મહાદેવે તુલસીકવચ સ્તોત્રની રચના કરી અને કુમારને સંભળાવ્યું. પછી એને આદેશ કર્યો - 'તુલસીને પૂજ્યભાવે મનમાં રાખજે અને આનો પાઠ કરજે. ચોક્કસ તું અસર તારકને હણી શકીશ.' ત્યાર પછી તારકનો વધ થયો.

દેવર્ષિ નારદ વિષ્ણુ અને તુલસીનો સ્નેહ જાણતા હતા. એણે એકવાર પાંડવ અર્જુનને કહ્યું, 'જે રીતે વિષ્ણુનું ચરણામૃત પાપનાશક છે; તેની જેમ તુલસીદર્શન પણ પાપનાશક છે. એના માંજરમાં કેશવનો નિત્ય નિવાસ છે. શ્રીકૃષ્ણનું પૂજન હોય, તો છેવટે નીચે પડેલા તુલસીપત્રથી પૂજન કરવું.'

ઋષિ પુંડરિકે ભગવતી તુલસીની સ્તુતિ કરી. તેમાં તુલસીના સોળ નામો ગણાવ્યા. (૧) તુલસી, (૨) મહાલક્ષ્મી (૩) વિદ્યા (૪) અવિદ્યા (૫) યશસ્વિની (૬) ધર્મ્યા (૭) ધર્મ્યા નના (૮) દેવી મનઃપ્રિયા (૯) લક્ષ્મી પ્રિય સખી (૧૦) દ્યૌ (૧૧) ભૂમિ (૧૨) અચલા (૧૩) ચલા (૧૪) શ્રી (૧૫) દેવ મનઃપ્રિયા (૧૬) દેવી.

પુરુષોત્તમ અને કલ્યાણીનું સાયુજ્ય સૌ કોઈમાં પ્રસરતું રહે.